| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૮/૦૬/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૬૪૪ | ૩૫ | ૮૬૭૯ | ૧૪૭૪૨ | ૩૭ | ૧૪૭૭૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૩૪ | ૨ | ૪૨૩૬ | ૫૭૪૭ | ૨ | ૫૭૪૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૩ | ૦ | ૩૩ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૮૫૦ | ૮૫ | ૭૯૩૫ | ૮૮૬૭ | ૮૯ | ૮૯૫૬ |
| કુલ | | ૨૦૭૬૧ | ૧૨૨ | ૨૦૮૮૩ | ૨૯૫૫૫ | ૧૨૮ | ૨૯૬૮૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૩૬ | ૧,૧૫,૩૦૦/- |

# પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશનઃ-

## હ્યુડાઇ ક્રેટા ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશીદારૂની બોટલ નંગ-૨૫૨ મળી આવતા પ્રોહીબિશનનો કેસ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ રાત્રે સર્વેલન્સ સ્કવોડના એસ.એ.દેસાઇ તથા સ્ટાફના માણસોને વિદેશીદારૂની હકીકત મળેલ હોવાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વૉચમાં હાજર હતા તે દરમ્યાન મેસેજ મળેલ કે "ડફનાળા એ.સી.બી ઓફિસ સામે રોડ ઉપર દારૂ ભરેલ ગાડી પલ્ટી ખાઇ ગયેલ છે."જે આધારે તપાસ કરતા હ્યુડાઇ ક્રેટા ફોર વ્હીલ ગાડી પલ્ટી ખાઇ ગયેલ હોય જે ગાડીમાં તપાસ કરતા ભારતીય બનાવટની વિદેશીદારૂ બોટલ નંગ-૨૫૨ કિ.રૂ.૧,૨૬,૦૦૦/- તથા એક વીવો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- તથા હ્યુડાઇ ક્રેટા ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૬,૩૧,૦૦૦/- નો મૂદામાલ મળી આવતા હ્યુડાઈ ક્રેટા ગાડીના ચાલક તથા માલીકના વિરુધ્ધમાં ધી પ્રોહી એકટ કલમ-૬૫(એ)(ઇ),૧૧૬(૧)(બી),૯૮(૨),૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## આરોપીનું નામ ;-

હ્યુડાઈ ક્રેટા ગાડી RTO નં. GJ-01-KW-8495 ના ચાલક તથા માલીક

## મુદ્દામાલ ;-

(૧) MCDUWELL'S NO-1 LUXURY વીસ્કીની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ હાલતમાં મળેલ બોટલ નંગ ૧૨૦ જેની એક નંગની  કિં.રૂ.૫૦૦/- લેખે કુલ્લે નંગ ૧૨૦ બોટલની કુલ્લે કિં.રૂ.૬૦,૦૦૦/- ગણી શકાય.

(૨) MCDUWELL'S NO-1 SUPER WHISHKY ની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ હાલતમાં મળેલ બોટલ નંગ ૭૨ જેની જેની એક નંગની કિં.રૂ.૫૦૦/- લેખે કુલ્લે નંગ ૭૨ બોટલની કુલ્લે કિં.રૂ.૩૬,૦૦૦/- ગણી શકાય.

(3) MCDUWELL'S NO-1 LUXURY RESERVE WHISKYની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ હાલતમાં મળેલ બોટલ નંગ ૪૩ જેની એક નંગની કિં.રૂ.૫૦૦/- લેખે કુલ્લે નંગ ૪૩ બોટલની કુલ્લે કિં.રૂ.૨૧,૫૦૦/- ગણી શકાય.

(૪) MCDUWELL'S NO-1 SUPER WHISHKY ORIGINALની ૭૫૦ એમ.એલ.ની શીલબંધ હાલતમાં મળેલ બોટલ નંગ ૧૩ જેની એક નંગની કિં.રૂ.૫૦૦/- લેખે કુલ્લે નંગ ૧૩ બોટલની કુલ્લે કિં.રૂ.૬,૫૦૦/- ગણી શકાય.

(૫) IMPERIAL BLUE ની શીલબંધ હાલતમાં મળેલ બોટલ નંગ-૪ જેની એક નંગની કિં.રૂ.૫૦૦/- લેખે કુલ્લે નંગ ૪ બોટલની કુલ્લે કિં.રૂ.૨,૦૦૦/- ગણી શકાય.

(૬) એક વિવો કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન જેની કિંમત રૂપિયા ૫,૦૦૦/- ગણી

(૭) હ્યુડાઈ ક્રેટા ગાડી RTO નં. GJ-01-KW-8495 ની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/-ગણી

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા પો.સબ.ઇન્સ.એમ.એચ.ઝાલા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શિવસિંહ બ.નં.૯૬૬૭ તથા અ.પો.કો. સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો. કિરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.પો.કો.રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરશનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો.રાજદિપકુમાર ચતુરભાઇ બ.નં.૫૭૫૮ તથા અ.મ.સ.ઇ. મહેન્દ્રભાઇ બબાભાઇ બ.નં.૩૬૪૨ તથા અ.પો.કો.બળવંતસિંહ વિષ્ણુપ્રસાદ બ.નં.૧૭૬૯ તથા અ.એલ.આર. આનંદસિંહ મહીપાલસિંહ બ.નં.૧૨૯૯૫



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ અને ૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૦

**સાયબર ક્રાઈમ**ઃ શરદકુમાર સ/ઓ કેદરનાથ ચૌધરી (ઉ.વ.૬૭) (રહે. શિવકૃપા ૧૦૧, અન્નપુર્ણા સોસાયટી અનિલ રોડ ન્યુ બાપુનગર ચાર રસ્તા) એ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૧૮ થી તા.૦૬/૦૪/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૬૩૫૬૧૨૫૨૫૨ ના ધારકે શરદકુમારના આઈડીબીઆઈ બેંકના ખાતાની યેનકેન રીતે માહીતી મેળવી ઈન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૫,૩૬,૯૭૪/- ઉપાડી લઈ છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર મુછાળ ચલાવે છે.

**ઘાટલોડીયા**ઃ હર્ષદ સ/ઓ તુલસીભાઈ પટેલ (ઉ.વ.૪૮) (રહે. અર્જુન ગ્રીન્સ વરદાન ટાવર પાછળ પ્રગતિનગર નારણપુરા) એ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૦ કલાક ૧૦/૧૯ થી તા.૦૫/૦૪/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી મોબાઈલ નંબર ૯૩૩૦૯૫૯૪૨૪ ના ધારકે હર્ષદ પટેલને ફોન કરી તમારૂ P.Y.T.M એકાઉન્ટનુ કે.વાય.સી કરો નહીતર તમારૂ P.Y.T.M એકાઉન્ટ બંધ થઇ જશે તેવુ કહી હર્ષદ પટેલને વિશ્વાસમાં લઇ ચાલુ ફોને હર્ષદ પટેલનાપે.ટી.એમ એકાઉન્ટમાંથી અલગ-અલગ બે જેટલા ટ્રાંન્ઝેક્શન કરી કુલ રૂપિયા ૯૯,૯૬૦/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એમ.ગામીત ચલાવે છે.

**નરોડા**ઃ (૧) ડેવીડભાઇ દશરથભાઇ પંચાલ (ઉ.વ.૩૯) (રહે. કુદરત રેસીડેન્સી એસ.આર.પી.ગુપ-૨ પાછળ નરોડા પાટીયા નરોડા) એ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૦ કલાક ૧૦/૩૦ થી તા૧૨/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અમીત માધાકર (રહે.વિશાલ અરવિંદ કોમાવર ઘર નંબર-૧૪ સ્વપ્નનગરી રીલાયન્સ ટાવર નજીક વડગાવ યવતમાલ વર્ધા મહારાષ્ટ્ર) એ ડેવીડભાઈ પંચાલ્ને વિશ્વાસમાં લઇ ફેસ માસ્ક પુરા પાડવાની ખાત્રી આપી ડેવીડભાઈ પંચાલ પાસેથી રૂપિયા ૩,૦૦,૦૦૦/- મેળવી લઈ માસ્કની જગ્યાએ ફાટેલી ટી-શર્ટ ના ગાંભા મોકલી વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**નરોડા:** (૨) જૈમીનીબહેન ડો/ઓ પ્રવિણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે. પ્રજાપતિ કોલોની વિભાગ-૧ કુમારશાળા પાસે નરોડા) એ તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૦ બપોરના ૧/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૯૭૮૩૭૫૨૬૬૫ અને ૯૬૭૨૯૨૨૨૪૮ ના ધારકે જૈમીનીબહેનને ફોન કરી વિકાસ પટેલ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) નામ જણાવી પોતે આર્મીમાં નોકરી કરે છે અને પોતાની બદલી થયેલ હોય પોતાનુ એક્ટીવા વેચવાનુ જણાવી વિશ્વાસ આપી પેટીએમ ખાતા નં.૯૧૮૬૯૬૫૨૪૪૫૭ આઈ.એફ.એસ.સી.કોર્ડ નંબર પેટીએમ ૦૧૨૩૪૫૬ દેવચંદ હાડા નામના ખાતામાં કુલ રૂપિયા ૪૦,૦૯૮/- ટ્રાન્સ્ફર કરાવી લઈ એક્ટીવા નહી અપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

## ધાબા પરથી પડી જતા મૃત્યુ:- સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૦

**જીઆઈડીસી વટવા:** રંજિતકુમાર બરચારાય યાદવ (ઉ.વ.૩૧) (રહે. રાજીવનગર સોસાયટી વટવા) તા.૧૭/૦૬/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા કેમટેક ડાઈઝ ઈન્ટર મિડિયેટ ફેઝ-૧ ખાતે કંપનીમાં ધાબા પર ફેબ્રિકેશનના શેડ બનાવવાનુ કામ કરતા હતા ત્યારે ધાબા પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિલિપસિંહ સોબરનસિહ ચલાવે છે.

## આત્મહત્યા:- સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૦

**વસ્ત્રાપુર:** જલ્પાબહેન વા/ઓ રણજીતભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે.બ્લોક નંબર-૭ મકાન નંબર-૫૦૧ જાનકી આવાસ એસ.કે.ફાર્મ સામે રાજપથ ક્લબ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૫૦ વાગે પોતાના રહેણાંકની ગેલેરીમાંથી પડતુ મુકી આત્મહતયા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એ” ડીવીજન ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટ:** રમેશ કાન્તીભાઇ પરમાર (ઉ.વ.૩૨) (રહે. રામરહીમનગરની ચાલી હનુમાન મંદીર સામે બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૦ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ કેલિકો મિલ પાછળ સીડી નંબર-૩૫ નજીક નદીના પાણીમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ સબુરભાઇ ચલાવે છે.

**વેજલપુરઃ** આમીરખાન ઐયુબખાન પઠાણ (ઉ.વ.૨૮) (રહે. મુબારક સોસાયટી રોયલ અકબર ટાવર પાછળ જુહાપુરા વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી દિનેશકુમાર ભુરાભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** યોગેશભાઇ ભીખાભાઇ શાહ (ઉ.વ.૪૩) (રહે. વિનાયક વાટીકા ફલેટ સેન્ટ મેરી સ્કુલ પાછળ નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કેશવકુમાર બબાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી